ઇઝરાયેલા કરેલા હુમલાની સેટેલાઇટ તસવીરો સામે આવી, વિશ્લેષણમાં નુકસાનનો અંદાજ બાંધવામાં આવ્યો

# ઈઝરાયેલના હુમલામાં ઈરાનના બે ગુપ્ત લશ્કરી થાણાઓને ભારે નુકસાન





**આમાંથી** એક થાણુ ભૂતકાળમાં ઇરાનના અણુ શસ્ત્ર કાર્યક્રમ સાથે સંકળાયેલું હોવાનો નિષ્ણાતોનો મત

**ઇરાનના** સર્વોચ્ચ નેતા કહે છે કે ઇઝરાયેલના હુમલા અંગે અતિશયોક્તિ કરો નહીં કે તેને ઓછો પણ આંકો નહીં

દુબઇ, તા. ૨૭(એપી): ઇઝરાયેલે ઇરાન પર કરેલા હવાઇ હુમલામાં ઇરાનની રાજધાનીથી દક્ષિણપૂર્વમાં આવેલ એક એક ગુપ્ત લશ્કરી થાણાને નુકસાન થયું છે જે થાણાને નિષ્ણાતોએ ભૂતકાળમાં તેહરાનના એક સમયના અણુ શસ્ત્ર કાર્યક્રમ સાથે સાંકળ્યું હતું જ્યારે નુકસાન પામેલું બીજું થાણુ તેના બેલેસ્ટિક મિસાઇલ કાર્યક્રમ સાથે સંકળાયેલું છે એમ એસોસીએટેડ પ્રેસ(એપી) સમાચાર સંસ્થા દ્વારા સેટેલાઇટ ફોટાઓના કરવામાં આવેલા વિશ્લેષણ પરથી જાણવા મળે છે.

ઈરાનના પરચીન મિલિટરી બેઝમાં કેટલીક ઈમારતોને નુકસાન થયું છે જે લશ્કરી થાણા અંગે ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સીને શંકા છે કે ઈરાને ભૂતકાળમાં આ થાણામાં અણુ બોમ્બ બનાવવા માટે પરીક્ષણો કર્યા હતા. ઈરાન લાંબા સયમથી કહેતું આવ્યું છે કે તેનો અણુ કાર્યક્રમ શાંતિપૂર્ણ હેતુ માટે છે, જ્યારે આઈએઈએ, પશ્ચિમી ગુપ્તચર એજન્સીઓ અને અન્યો કહે છે કે ૨૦૦૩ સુધી તહેરાન સક્રિય અણુ શસ્ત્ર કાર્યક્રમ ધરાવતું હતું.

અન્ય નુકસાન નજીકના ખોજીર મિલિટરી બેઝ ખાતે જોઇ શકાય છે, જે અંગે વિશ્લેષકો માને છે કે તેમાં એક અંડરગ્રાઉન્ડ ટનલ સિસ્ટમ છે અને મિસાઇલ ઉત્પાદન સ્થળ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઈઝરાયેલના હુમલાથી ઈરાનમાં થયેલા નુકસાનની વિગતો ઈરાને કે ઈઝરાયેલે સ્પષ્ટપણે આપી નથી.

દરમ્યાન, આજે ઈરાનના સર્વોચ્ચ નેતા આયતોલ્લાહ ખામેનેઈએ આજે કહ્યું હતું કે ઈઝરાયેલના હુમલા અંગે વધારીને વાતો કરવી જોઈએ નહીં અને તેને ઓછો પણ આંકવો જોઈએ નહીં. તેઓ તત્કાળ વળતા હુમલાની હાકલ કરવાથી દૂર રહ્યા હતા.

# ઈન્ડોનેશિયાનો મારાપી જ્વાળામુખી ફરી ફાટ્યો, રાખના ગરમ વાદળા ઉડ્યા

**ઓછામાં** ઓછા ત્રણ વખત રાખના ગોટેગાટા ઉછળ્યા, નજીકના ગામોને રાખથી ભરી દીધા



પડાંગ (ઈન્ડોનેશિયા), તા. 27 (એપી) : ઈન્ડોનેશિયાના સૌથી સક્રિય જ્વાળામુખીમાંનો એક રવિવારે ફાટ્યો હતો, જેમાં ઓછામાં ઓછા ત્રણ વખત રાખના ગોટેગાટા ઉછળ્યા હતા અને ગામડાઓને રાખથી ભરી દીધા હતા, પરંતુ કોઈ જાનહાનિ નોંધાઈ ન હતી.

પશ્ચિમ સુમાત્રા પ્રાંતના આગમ જિલ્લામાં આવેલો માઉન્ટ મારાપી અચાનક વિસ્ફોટો માટે જાણીતો છે, જેની આગાહી કરવી મુશ્કેલ છે. કારણ કે તે મેગ્માની ઊંડી હિલચાલને કારણે નથી, જે સિસ્મિક મોનિટર પર નોંધાયેલા આંચકાને ટ્રિગર કરે છે.

ઈન્ડોનેશિયાના જ્વાળામુખી અને જિયોલોજિકલ હેઝાર્ડ મિટિગેશન સેન્ટરના મારાપી મોનિટરિંગ પોસ્ટ ખાતેના અધિકારી અહમદ રિફાન્ડીએ જણાવ્યું હતું કે, તેણે ગરમ રાખના વાદળો છોડ્યા છે, જે ઘણા માઈલ સુધી ફેલાય છે, જે નજીકના ગામો અને નગરોને જાડા જ્વાળામુખીના અવશેષોથી ઢાંકી દીધા છે. તેણે 2,000 મીટર (6,560 ફૂટ) જેટલા ઊંચા રાખના વાદળો છોડ્યા હતા.

રિફાંડીએ જણાવ્યું હતું કે, લગભગ 2,900 મીટર (9,480 ફૂટ) ઊંચો જ્વાળામુખી જાન્યુઆરીથી અત્યાર સુધીના ચાર એલર્ટ લેવલમાં બીજા નંબરે રહ્યો છે, જ્યાં સંભવિત લાવાના કારણે ક્રેટરના મુખથી 3 કિમી (1.8 માઈલ)ની અંદર પર્વતારોહીઓ અને ગ્રામજનોને જવાથી રોકી દેવામાં આવ્યા છે.

ડિસેમ્બર 2023માં મારાપી ફાટી નીકળ્યો હતો, જેમાં 24 ક્લાઈમ્બર્સનાં મોત થયાં હતાં અને કેટલાક અન્ય લોકો ઘાયલ થયા હતા. જેઓ સપ્તાહના અંતે અચાનક ફાટી નીકળેલા જ્વાળામુખીની ચપેટમાં આવી ગયા હતા.

# પીએમ મોદીએ બ્રિક્સ સમિટ દરમિયાન ઝારખંડનું સોહરાઇ પેન્ટિંગ પુતિનને ભેટ આપ્યું

**ઈરાન,** ઉઝબેકિસ્તાનના પ્રમુખોને મહારાષ્ટ્રની હસ્તકલા સી શેલ ફૂલદાની અને વારલી પેન્ટિંગ મોદી દ્વારા ભેટમાં અપાયા



નવી દિલ્હી, તા. 27 (પીટીઆઈ) : અધિકારીઓના જણાવ્યા અનુસાર, તાજેતરની બ્રિક્સ સમિટ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઈરાન અને ઉઝબેકિસ્તાનના નેતાઓ મહારાષ્ટ્રની હસ્તકલા અને ઝારખંડની કળાને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનને ભેટ આપી હતી. મોદીએ ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયનને મધર ઓફ પર્લ (એમઓપી) સી-શેલ ફૂલદાની ભેટમાં આપી હતી.

અધિકારીઓએ નોંધ્યું હતું કે, મહારાષ્ટ્રના દરિયાકાંઠાના કારીગરો પાસેથી મળેલી ફૂલદાની રાજ્યની કુશળ કારીગરી અને કુદરતી સૌંદર્યનું પ્રમાણપત્ર છે. ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિ શવકત મિર્ઝીયોયેવને મોદીએ મહારાષ્ટ્રની વારલી જનજાતિની એક પ્રતિષ્ઠિત કલા, પરંપરાગત વારલી પેન્ટિંગ ભેટ આપી હતી. અધિકારીઓએ પેઈન્ટિંગના સાંસ્કૃતિક મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો હતો, જે લગભગ 5,000 વર્ષ જૂની છે અને હવે તેની વિશિષ્ટ શૈલી અને લઘુત્તમ સૌંદર્ય માટે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. મૂળભૂત ભૌમિતિક આકારો સાથે બનાવવામાં આવેલ વારલી ચિત્રો કુદરત, તહેવારો અને સાંપ્રદાયિક પ્રવૃત્તિઓના નિરૂપણ દ્વારા આદિવાસી જીવનને દર્શાવે છે.

# માજી આર્મી ચીફ, 10 માજી મંત્રીઓને કથિત હત્યાકાંડ મામલે બાંગ્લાદેશની ટ્રિબ્યુનલના સમન્સ

**કથિત** હત્યાકાંડ મામલે શેખ હસીનાના સલાહકારોને પણ સમન્સ પાઠવવામાં આવ્યા

ઢાકા, તા. 27 (પીટીઆઇ) બાંગ્લાદેશની ઈન્ટરનેશનલ ક્રિમિનલ ટ્રિબ્યુનલ (આઈસીટી)એ રવિવારે જુલાઈમાં દેશમાં બળવા દરમિયાન માનવતા વિરુદ્ધના કથિત અપરાધો અને નરસંહાર સંબંધમાં માજી આર્મી ચીફ ઝિયાઉલ અહસાન, 10 માજી પ્રધાનો અને બરતરફ વડા પ્રધાન શેખ હસીનાના બે સલાહકારો સહિત 20 લોકોને સમન્સ પાઠવવામાં આવ્યા છે. દેશની વચગાળાની સરકાર અનુસાર, બળવો દરમિયાન ઓછામાં ઓછા 753 લોકો માર્યા ગયા હતા અને હજારો ઘાયલ થયા હતા, જેને આઈસીટી પ્રોસિક્યુશન ટીમ અને વચગાળાની સરકારે માનવતા અને નરસંહાર વિરુદ્ધના ગુનાઓ તરીકે વર્ણવ્યા હતા.

# શ્રીલંકાના નૌકાદળે 12 ભારતીય માછીમારોની ધરપકડ કરી

**માછીમારોની** ધરપકડ કરી તેમનું ટ્રોલર પણ જપ્ત કરી લેવાયું, અત્યાર સુધીમાં આ વર્ષે ધરપકડ કરાયેલાનો આંક 462 થયો

કોલંબો, તા. 27 (પીટીઆઈ) : શ્રીલંકાના નૌકાદળે રવિવારે તેની પ્રાદેશિક જળસીમામાં કથિત રીતે માછીમારી કરવા બદલ 12 ભારતીય માછીમારોની ધરપકડ કરી હતી અને તેમનું ટ્રોલર જપ્ત કર્યું હતું. એમ એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે. તાજેતરની ધરપકડ સાથે ટાપુ રાષ્ટ્ર દ્વારા આ વર્ષે આવી ઘટનાઓમાં પકડાયેલા ભારતીય નાગરિકોની સંખ્યા વધીને 462 થઈ ગઈ છે.

## પેજ 3

### દિલ-લુમિનેટી ઇન્ડિયા ટૂર : દિલજીત દોસાંઝે ત્રિરંગો લહેરાવતા કરી એન્ટ્રી



નવી દિલ્હી, તા. 27 (પીટીઆઇ) : દિલ-લુમિનેટી ઇન્ડિયા ટૂર 2024'ની ગઇકાલથી શરૂઆત પછી આજે દિલજીત દોસાંઝે ભવ્ય એન્ટ્રી કરીને 'ઓ, કી હાલ દિલ્લી વાલો'ના નારો ખીચોખીચ ભરેલા જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં કર્યો હતો. એક ચાહકે કહ્યું હતું કે, લોકો છેલ્લા અડધા કલાકથી રાહ જોઈ રહ્યા છે, તેથી ક્રેઝ પૂરેપૂરો છે. કાળી પાઘડી અને સનગ્લાસ સાથે સંપૂર્ણ કાળા પોશાક પહેરેલા દોસાંઝે કોન્સર્ટની શરૂઆતમાં રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો હતો. તેના ચાહકોને સંબોધતાં 40 વર્ષીય દોસાંઝે કહ્યું, 'ઓ, કી હાલ દિલ્લી વાલો? ભીડે ભારે ગર્જના સાથે જવાબ આપ્યો. ઘણા લોકોએ સ્થળ પર પહોંચવાનો પ્રયાસ કરતી વખતે લાંબા ટ્રાફિક જામમાં ફસાયા હોવાની ફરિયાદ સોશિયલ મીડિયા પર કરી હતી. કેટલાક વીડિયોમાં બારાપુલ્લા બ્રિજ પર લાંબી કતારો જોવા મળી હતી.

### દિલજીત દોસાંજની દિલ્હી કોન્સર્ટમાં અંધાધૂંધી! ચાહકોએ ગંદા વોશરૂમ અને સુરક્ષાની ફરિયાદ કરી

બોલીવુડના પ્રખ્યાત પંજાબી સિંગર દિલજીત દોસાંઝે 26 ઓક્ટોબરે દિલ્હીના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં લાઈવ કોન્સર્ટમાં શાનદાર પરફોર્મન્સ આપ્યું હતું. પરંતુ શો શાનદાર હોવા છતાં, અરાજકતાને કારણે ચાહકોને ચોક્કસપણે સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. સોશિયલ મીડિયા પર એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે જ્યારે બાળકી બેભાન થઈ ગઈ ત્યારે પણ કોઈ સ્ટાફ મેમ્બર તેની મદદ કરવા આવ્યો ન હતો. ખાણી-પીણીના કાઉન્ટરો તેમજ પ્રવેશ અને બહાર નીકળવાના દરવાજા પર સંપૂર્ણ અરાજકતા જોવા મળી હતી. અન્ય લોકોએ ફરિયાદ કરી હતી કે વોશરૂમ અને પીવાના પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ ખૂબ જ ખરાબ સ્થિતિમાં હતી.

# એમપીના રામ મંદિરમાં ત્રણ મુસ્લિમ ભાઈઓએ બળજબરીથી નમાઝ પઢી

**મંદિરના** પૂજારીએ ના પાડવા છતાં ન માન્યા, ત્રણેય ભાઈઓ વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો



શાજાપુર (એમપી) : જિલ્લાના સલસલાઈ પોલીસ સ્ટેશન વિસ્તારના કિલોડા ગામમાં એક સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. અહીં ત્રણ મુસ્લિમ ભાઈઓએ રામ મંદિર પરિસરમાં જબરદસ્તીથી નમાજ અદા કરી હતી. મંદિરના પૂજારીએ તેને નમાઝ પઢવાની મનાઈ કરી હતી, પરંતુ તે માન્યા ન હતા. આ અંગે પૂજારીએ સલસાલાઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. જેના આધારે પોલીસે ત્રણેય મુસ્લિમ ભાઈઓ વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે

વાસ્તવમાં, સલસલાઈ પોલીસ સ્ટેશનના ટીઆઈ જનક સિંહ રાવતે જણાવ્યું કે, કિલોડા ગામમાં સ્થિત રામ મંદિરના પૂજારી મોહનલાલ શર્માના પિતા ઓમપ્રકાશ શર્માએ ફરિયાદ નોંધાવી છે કે તેઓ 26 ઓક્ટોબર, શનિવારે સાંજે લગભગ 5.45 વાગ્યે મંદિરની સફાઈ કરી રહ્યા હતા. તે સમયે સલસલાઈ નિવાસી બાબુ ખાનનો પુત્ર નાહર ખાન અને તેના ભાઈઓ રૂસ્તમ ખાન, અકબર ખાન મંદિરમાં આવ્યા હતા. ત્રણેય મંદિરના દરવાજા પાસે રાખેલા વાસણના પાણીથી હાથ-પગ ધોઈને પરિસરમાં બેસીને નમાઝ પઢવા લાગ્યા.

# 'નવરસ કથા કોલાજ' : સાતત્યનો અભાવ




સ્વર્દ્રુપદ પ્રોડક્શન્સની 'નવરસ કથા કોલાજ' (એ) એ જુદી-જુદી નવ વાર્તાઓનો એક સંગ્રહ છે, જેનું શીર્ષક છે 'બાબામાઈ', 'ક્યૂ?', 'નોટ ફિટ ધ બિલ', 'ખિલોના', 'મૈં ભગતસિંહ બનના ચાહતા હું', 'સમય ચક્ર' 'સુહાગરાતમાં શું થયું', 'હેપ્પી મેરેજ એનિવર્સરી' અને 'સંતાન'નો સમાવેશ થાય છે. આ વાર્તાઓ જીવનના નવ રસનું પ્રતિનિધિત્વ કરે છે.

**માઇનસ પોઇન્ટ**

પ્રવીણ હિંગોનિયાએ નવ જુદી-જુદી વાર્તાઓ લખી છે, જે સંપૂર્ણપણે રેન્ડમ દેખાય છે. કેટલીક વાર્તાઓ દર્શકોનું ધ્યાન થોડી હદ સુધી જકડી રાખે છે, પરંતુ અન્ય એટલી કંટાળાજનક




અને અનુમાનિત છે કે તે પ્રેક્ષકોને આકર્ષિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ જાય છે. હિંગોનિયાની પટકથા આંચકાઓથી ભરેલી છે અને સાતત્યનો અભાવ દરેક જગ્યાએ દેખાય છે. નવ નાટકોના અંતે દર્શકોને આશ્ચર્ય થાય છે કે પ્રવીણ હિંગોનિયાએ નવ વાર્તાઓ શા માટે લખી હશે. તેના સંવાદો ઠીકઠાક છે.




WWW.MARUTISUZUKICOMMERCIAL.COM | પૂછપરછ માટે ટોલ ફ્રી નંબર 1800 102 1800/1900 1800 150 પર કૉલ કરો.

મારુતિ સુઝુકી કોમર્શિયલ શોરુમ્સઃ વડોદરા: અમર કાર્સ, માંજલપુરઃ ૯૯૨૫૨૦૩૨૬૨; કિરણ મોટર્સ, નવાપુરાઃ ૮૯૮૦૮૦૫૦૫; કટારીયા ઓટોમોબાઇલ્સ, સરદાર એસ્ટેટઃ ૮૯૮૦૧૫૪૦૦૦; ગોધરા: આર.બી. કાર્સઃ ૯૦૯૯૦૪૯૩૫૮; ભરુચ: રવિન મોટર્સઃ ૯૬૮૭૬૪૫૮૭૯; અંકલેશ્વર: રવિરત્ન મોટર્સ: ૯૬૮૭૬૪૫૮૭૯.

*3 વર્ષ અથવા 100 000 કિમી બેમાંથી જે વહેલું હોય. નિયમો અને શરતો લાગુ. રચનાત્મક વિઝ્યુલાઇઝેશન. વાહન પરનો કાળો કાચ લાઇટિંગ ઇફેક્ટને લીધે છે. દર્શાવવામાં આવેલ ફીચર્સ અને એક્સેસરીઝ સ્ટાન્ડર્ડ ફીટમેન્ટનો ભાગ ન હોય તેમ બની શકે છે. ઉપયોગમાં લેવાયેલી છબીઓ ઉદાહરણના હેતુ માટે છે.
*JATO ડાયનેમિક્સના 15 જુલાઇ, 2024ના રોજ કરાયેલા અભ્યાસના આધારે, જે પેટ્રોલ અને CNG સેગમેન્ટના વાહનો માટે 2 ટન સુધીના કુલ વાહન વન સાથે હાથ ધરવામાં આવ્યો હતો.